| | | | |
|---|---|---|---|
| દાખલ તારીખ | ૧૪/૧૧/૨૦૨૫ | | |
| રજીસ્ટર તારીખ | ૧૪/૧૧/૨૦૨૫ | | |
| ફેસલ તારીખ | ૨૯/૦૭/૨૦૨૬ | | |
| સમય | વર્ષ | માસ | દિવસ |
| | ૦૦ | ૦૮ | ૧૫ |
| આંક | | | |

**સંતરામપુર મહીસાગરના મે.એડીશનલ ચીફ જ્યુડીશયલ મેજીસ્ટ્રેટની અદાલતમાં,**

**મુ.સંતરામપુર.**

**ફોજદારી કેસ નં. ૧૦૧૮/૨૦૨૫**

**ફરીયાદી :-** **શર્મા મહેશકુમાર અવધનાથ**
**ઉ.વ.પુખ્ત,ધંધો-ડ્રાઈવર,**
**રહે.બ્રાહ્મણવાડા,તા.સંતરામપુર,જી.મહીસાગર**

વિરૂધ્ધ

**આરોપી :-** **નરેશકુમાર સોમેશ્વરભાઈ ઉપાધ્યાય**
**ઉ.વ.પુખ્ત,**
**રહે.બ્રાહ્મણવાડા,ઝુલેલાલ મંદિર સામે**
**મુ.તા.સંતરામપુર,જી.મહીસાગર**

| | | |
|---|---|---|
| **ફરીયાદ** | | **ધી નેગોશીએબલ ઈનસ્ટ્રુમેન્ટ એકટની કલમ ૧૩૮ મુજબ** |

| | | |
|---|---|---|
| ફરીયાદ પક્ષે | : | વિ.વ.શ્રી.એન.બી.ભોઈ |
| આરોપી પક્ષે | : | વિ.વ.શ્રી.ડી.આર.જોષી |

(૧) ફરીયાદીની ફરીયાદ હકીકત ટુંકમાં એવી છે કે, ફરીયાદી સંતરામપુર ગામે મોટરકાર ભાડે આપીને પોતાનું ગુજરાન ચલાવે છે આરોપી નગરપાલીકામાં કર્મચારી તરીકે કામ કરે છે. તેમજ ફરીયાદીના મકાનમાં ભાડાંથી રહેતા હોય તેઆે સાથે

ઓળખાણ સારી હતી. જેથી એકબીજાના પરીચયમાં હતા અને સંબધો પણ સારા હતા. ફરીયાદી પાસેથી આરોપીએ નાંણાની જરૂર હોવાથી ૧,૨૫,૦૦૦/- (અંકે રૂપિયા એક લાખ પચ્ચીસ હજાર પુરા) ની માંગણી કરેલ હતી. ફરીયાદીને આરોપી સાથે સંબધો સારા હોવાથી ફરીયાદીએ આરોપીને ૧,૨૫,૦૦૦/- (અંકે રૂપિયા એક લાખ પચ્ચીસ હજાર પુરા)હાથ ઉછીના રોકડા આપેલા હતા. સદર નાણા આરોપીએ ટુંક સમયમાં પાછા આપી દેવાનો વાયદો કરેલ હતો. ફરીયાદીએ વાંરવાર ઉઘરાણી કરતા આરોપીએ નાણાંના બદલામાં એકાઉન્ટ નંબર-32545198378 સ્ટેટ બેંક ઓફ ઈન્ડિયા શાખા સંતરામપુરનો ચેક નં.744064 તા:૦૬-૧૦-૨૦૨૫ ના રોજનો રૂા.૧,૨૫,૦૦૦/- (અંકે રૂપિયા એક લાખ પચ્ચીસ હજાર પુરા) નો તેઓની જાતે લખી આપેલ હતો.સદરહું ચેકમાં આરોપીએ જાતે સહી કરેલ હતી અને ફરીયાદીને પાકો વિશ્વાસ અને ભરોસો આપીને જણાવેલ કે,ચેક બેંકમાં જમા કરાવશો તો ચેક સ્વીકારાઈ જશે અને તમોને તમારા નાણાં મળી જશે. આરોપીએ નાણાંના બદલામાં ફરીયાદીને જે ચેક લખી આપેલ હતો તે ચેક ફરીયાદીએ તેઓના ખાતા સ્ટેટ બૅન્ક ઓફ ઈન્ડીયા,સંતરામપુર શાખાનાં ખાતામાં તા:-૦૬-૧૦ -૨૦૨૫ ના રોજ જમા કરાવેલ હતો. સદર ચેક શરત ૦૧ - Fund insufficient ના મેમા સાથે તા: ૦૬-૧૦-૨૦૨૫ ના રોજ પરત ફરેલ હતો. જેથી આરોપીને ફરીયાદીએ તેમના વકીલશ્રી મારફત ડીમાન્ડ નોટીસ તા:-૧૦-૧૦-૨૦૨૫ ના રોજ આપેલ છે.જે નોટીસ આરોપીને તા:-૧૧-૧૦-૨૦૨૫ ના રોજ બજી ગયેલ છે. તેમ છતા આરોપીએ ચેકની રકમનાં નાણાં વસુલ આપેલા નથી.આમ આરોપીએ નેગોશીએબલ ઈન્સ્ટ્રુમેન્ટ એકટની કલમ-૧૩૮ મુજબનો ગુનો કરેલ છે. જેથી હાલની આ ફરીયાદ દાખલ કરવાની જરૂર પડેલ છે અને ફરીયાદના પેરા-૩ મુજબની દાદ માંગેલ છે.

(૨) ફરીયાદીની ઉપરોકત ફરીયાદ, વેરફીકેશન તથા રજુ કરવામાં આવેલ દસ્તાવેજી પુરાવાઓ આધારે હાલની ફરીયાદ અંગે કોગ્નીજન્સ લઈ, આરોપી સામે બીએનએસએસ ૨૦૨૩ ની કલમ:-૨૨૭ અન્વયે ધી

નેગોશીયેબલ ઈન્સ્ટ્રુમેન્ટ એકટ ની કલમ:–૧૩૮ના ગુના માટે પ્રોસેસનો હુકમ કરેલ.આરોપીને સમન્સની બજવણી થતાં અદાલતમાં ઉપસ્થિત થતાં આરોપીને ફરિયાદપક્ષના તમામ દસ્તાવેજી પુરાવાઓ વિનામૂલ્યે પુરા પાડવામાં આવેલ છે. આરોપીને તેમની સામેના ગુન્હાની સમજ આપી બીએનઅસએસ ની કલમ–૨૭૪ મુજબ આરોપીનું ગુન્હા સંબંધમાં નિવેદન આંક–૦૭ થી લેવામાં આવતાં, આરોપીએ ગુન્હાનો ઈન્કાર કરતા કેસ આગળ ચલાવવામાં આવેલો.

(૩) ફરીયાદ પક્ષએ નીચે મુજબનો પુરાવો રજુ કરેલ છે. આ કામે આરોપી તરફે કોઈ પુરાવો રજુ રાખવામાં આવેલ નથી.

મૌખિક પુરાવો

| ક્રમ | સાહેદનું નામ | આંક |
|---|---|---|
| ૧ | ફરીયાદી શર્મા મહેશકુમાર અવધનાથનું લેખિત સરતપાસનુ સોગંદનામુ | ૦૪ |

**<u>દસ્તાવેજી પુરાવો</u>**

| ક્રમ | વિગતદસ્તાવેજની વીગત | આંક |
|---|---|---|
| ૧ | સ્ટેટ બેંક ઓફ ઈન્ડીયા,સંતરામપુર શાખાનો અસલ ચેક નં.૭૪૪૦૬૪ | ૧૭ |
| ૨ | બેંકમાં ચેક જમા કરાવેલ તેની પાવતી | ૧૮ |
| ૩ | બેંકે આપેલ ચેક રીટર્નનો અસલ મેમો | ૧૯ |
| ૪ | ફરીયાદીના વકીલ મારફતે આરોપીને આપેલ નોટીસ | ૨૦ |
| ૫ | આરોપીને નોટીસ રજી.એ.ડી.કર્યાની પોસ્ટ ઓફીસની પાવતી | ૨૧ |
| ૬ | આરોપીને નોટીસ બજી ગયેલ તેની અસલ એકલોજમેન્ટ પાવતી | ૨૨ |

(૪) ફરિયાદ પક્ષનો પુરાવો પુરો થયાનું આંક–૧૬ થી જાહેર કરેલ છે. અને આરોપીની પ્લી લીધા બાદ આરોપીએ ફરીયાદીની ઉલટ તપાસ કરેલ નથી. આમ, આરોપી પોતાની સામેના તમામ પુરાવાઓ જાણતો હોવા છતાં તેનો ઈન્કાર કરવા કે પોતાનો બચાવ રજુ કરવા માટે હાજર રહેલા નથી. ત્યારે હાલના આરોપીએ તેઓની સામેના આક્ષેપમાં થી પ્રથમથી જ કોઈ બચાવ રજુ કરેલા ના હોય

અને જયારે એક વખત આરોપી ને પોતાની સામે કેસ ચાલે છે તેની જાણ છે, ત્યારે તેની અદાલત સમક્ષ હાજર થવાની ફરજ છે. તેઓને કેસમાં બચાવ કરવા વખતો વખત તક આપેલ હોવા છતા હાજર ન રહેતા તેમનો બચાવનો હકક બંધ કરવામાં આવેલ. ત્યાર બાદ સદર કામ દલીલ માટે મુલત્વી રાખવામાં આવેલ.

(૫) ફરીયાદી તરફે તેઓની મૌખિક દલીલમાં મહતમ રીતે ફરીયાદીએ તેઓનો કેસ પુરવાર કરેલ હોવાનુ તેમજ તેના સમર્થનમાં આપેલ સરતપાસ તેમજ આરોપી ધ્વારા ઉલટ– તપાસ કરવામાં આવેલ ન હોય, તથા ઉલટ તપાસનો હકક બંધ થયા બાદ હકક ખોલવાની કોઈ અરજી આપેલ ન હોય, તેવા સંજોગોમાં આરોપીને પુરતી તક આપેલ હોવા છતાં આરોપીએ પોતાનો બચાવ રજુ કરેલ ન હોય અને ફરીયાદપક્ષે પોતાનો કેસ પુરવાર કરેલ હોય તથા આરોપી ધ્વારા આ કામે તેઓના બચાવમાં કોઈ સાક્ષી કે પુરાવાઓ રજુ કરેલ નથી કે જાતે વીટનેસ બોકસમાં આવીને જુબાની આપેલ ન હોય, તેમજ રજુ રાખેલ દસ્તાવેજી પુરાવાને ધ્યાને લેતાં આરોપી સાથે વ્યવહાર કરેલ હોવાનુ અને તેના લેણા પેટે વાદગ્રસ્ત ચેક આપેલ હોવાનુ ફરીયાદી પુરવાર કરતા હોય, જેથી ફરીયાદ પક્ષે પોતાના કેસ પુરવાર કરેલ હોય, તેમજ આરોપી તરફે કોઈ સાક્ષી તપાસેલ ન હોય, તેવા સંજોગોમાં આરોપી વિરુધ્ધનો ગુનો પુરવાર થતો હોય, કાયદામાં ઠરાવેલ મહતમ સજા કરવા રજુઆત કરેલ છે.

(૬) આરોપી કે તેઓના વિ.વકીલ શ્રી. પણ દલીલના સ્ટેજે હાજર રહેલ નથી આમ આરોપી તરફથી કોઈ દલીલ કે રજુઆત નથી.

(૭) ફરીયાદ હકીકત, રેકર્ડમાં રજુ તમામ મૌખિક તથા દસ્તાવેજી પુરાવા તથા કાયદાકીય જોગવાઈઓ ધ્યાનમાં લેતાં, ફરીયાદપક્ષના કેસના આખરી નિર્ણય અર્થે નીચે મુજબના મુદાઓ ઉપસ્થિત થાય છે.

::– મુ દ્દા ઓ –::

૧. શું ફરિયાદી નિ:શંકપણે સાબિત કરે છે કે,આરોપીએ ફરિયાદીને તેની કાયદેસરની લેણી રકમની ચુકવણી માટે આંક–૧૭ વાળો તકરારી ચેક આપેલ હતો

અને જે ચેક ફરિયાદીએ બેંકમાં જમા કરાવતાં '' Fund insufficient '' ના શેરા સાથે પરત ફરેલ હતો?

૨. શું ફરીયાદી નિ:શંકપણે સાબિત કરે છે કે, આરોપીએ ધી નેગોશીયેબલ ઈન્સટ્રુમેન્ટ એકટની કલમ–૧૩૮ની જોગવાઈ મુજબની નોટીસમાં જણાવેલ નિયત સમય મર્યાદામાં વાદગ્રત ચેકની રકમ ચુકવી આપેલ ન હોય, આરોપીએ ધી નેગોશીએબલ ઈન્સ્ટ્રુમેન્ટ એકટની કલમ–૧૩૮ હેઠળનો શિક્ષાને પાત્ર ગુન્હો કરેલો છે ?

૩. શું હુકમ ?

(૮) ઉપરોકત સવાલોનાં મારા નિર્ણયો નીચેનાં કારણોસર નીચે મુજબ છે.

::– નિ ર્ણ યો –::

૧. હકારમાં

૨. હકારમાં

૩. આખરી હુકમ મુજબ

**<u>મુદા નં.૧–૨ ના કારણો :–</u>**

(૯) ફરીયાદીએ પોતનો કેસ પુરવાર કરવા આંક–૦૪ થી ફરીયાદીએ પોતે પુરાવાનું સોગંદનામું રજૂ કરેલ છે. જે વંચાણે લેવામા આવે તો તેઓએ તેમની આંક –૧ ની ફરીયાદના સમર્થનમાં અને તેના અનુરુપ જુબાની આપેલ છે અને તેમના કથનના સપોર્ટમાં આંક –૩ થી દસ્તાવેજી પુરાવા રજુ કરેલા છે તેઓ સ્પષ્ટ રીતે જણાવેલ છે કે, તેઓએ આરોપીને હાથ ઉછીની રકમ પેટે રૂા. ૧,૨૫,૦૦૦/– આપેલ હતા. જે પરત ચુકવી આપવા માટે આરોપીએ તેઓની સ્ટેટ બેંક ઓફ ઈન્ડીયા,સંતરામપુર શાખામાં ચેક વીગતો ભરી સહી કરી આપેલ જે ફરીયાદીએ વટાવવા રજુ કરતા ''Fund insufficient '' શેરા સાથે પરત થયેલ અને આરોપીને ચેકની રકમની માગણી માટે નોટીસ આપેલ જે નોટીસ આરોપીને બજી ગયેલ હોવા છતા

ચેકની રકમ ચુકવી નહી આપતા હાલની ફરીયાદ તેઓએ કરેલ છે આમ,રેકર્ડ ઉપરના મૌખિક તથા દસ્તાવેજી પુરાવો જોતા ફરીયાદી ધ્વારા નેગોશીએબલ ઈન્સ્ટ્રુમેન્ટ એકટની કલમ–૧૩૮ મુજબની તમામ પ્રક્રિયા કરેલ હોવાનુ ફલિત થાય છે.

(૧૦) આ કામનું રેકર્ડ જોતાં તારીખ ૧૦/૧૨/૨૦૨૫ ના રોજ પ્લી રેકર્ડ કરવામાં આવેલ છે અને ત્યારપછી આરોપી હાજર રહેલ નથી અને આરોપીના વિ.વકીલ શ્રી એ પણ ફરીયાદીની ઉલટ તપાસ કરવા કોઈ તૈયારી બતાવેલ નથી આમ આરોપી ફરીયાદી સાથે સમાધાન કરવા માંગે છે તેવુ જણાવી આંક ૧૨ થી ફરીયાદને રૂા. ૨૩૦૦૦/– ચેકની રકમ પેઠે ચુકવેલ છે તેવુ જણાવી મુદત માંગેલ છે અને ત્યારપછી આરોપી હાજર રહેલ નથી આ અદાલતે પક્ષકારો વચ્ચે તકરારનુ સુખદ નીવારણ આવે અને તેઓને નાણાકીય વ્યવહારની તકરારનો નીવેડો આવે તો તેઓને અન્ય કોઈ એકબીજા પ્રત્યે દવેશભાવ ન રહે તે સારૂ પુરતો સમય આપવા છતાં આરોપીએ હાજર થઈ તેઓએ તેમના તરફથી આપેલ વચનનુ પાલન કરેલ નથી આમ તેઓની કેસમાં સતત ગેરહાજરી તેઓ ઈરાદાપૂર્વક ન્યાયીક કાર્યવાહીમાંથી છટકવાનો અને ફરીયાદની ન્યાયીક કાર્યવાહી વિલંબીત કરવાનો બદ ઈરાદો ધરાવતા હોવાનુ છતુ કરે છે આમ આરોપીને આ અદાલત દવારા તેમના બંધારણીય હકક મુજબ તેમનો કેસમાં બચાવ કરવા તક આપવા છતાં હાજર રહેલ ન હોઈ તેમના તમામ હકક બંધ કરવામાં આવેલ છે.

(૧૧) હવે અત્રેની અદાલત દવારા થોડો પ્રયત્ન કરતા નામદાર સર્વોચ્ચ અદાલત તથા નામદાર ગુજરાત વડીઅદાલતના ચુકાદા ધ્યાન ઉપર આવેલ છે જે હાલના કેસને બંધ બેસતા હોઈ તે અત્રે ટાંકવા આવશ્યક જણાય છે. નામદાર સર્વોચ્ચ અદાલત ધ્વારા Mallavarapu Kasivisweswara Rao v.s Thadikonda Ramulu Firm & Ors. 2008(8) SCALE 680, માં નીચે મુજબ ઠરાવેલ છે. "Under Section 118(a) of the Negotiable Instruments Act, the court is obliged to presume, until the contrary is proved, that the promissory note was made for consideration. It is also a settled position that the initial burden in this regard lies on the defendant to prove the non-existence of consideration by

bringing on record such facts and circumstances which would lead the Court to believe the non-existence of the consideration either by direct evidence or by preponderance of probabilities showing that the existence of consideration was improbable, doubtful or illegal. . નામદાર સુપ્રિમ કોર્ટ ધ્વારાકલમ ૧૧૮ એ અંગે ની ચર્ચા કરેલ છે અને ઠરાવેલ છે કે, આરોપી ધ્વારા એ સાબિત કરવાનુ રહે છે કે, જે વ્યવહાર થયેલ છે તેનુ કોઈ અસ્તિત્વ નથી તથા તે અંગેનો પુરાવો રજુ કરવાનો રહે અથવા તો, જે કંઈ પુરાવો ફરીયાદપક્ષે રજુ કરવામાં આવે તે પુરાવા પરથી જો કોઈ શંકા ઉપસ્થિત થતી હોય તો, તે શંકા બાદ જો આરોપી પુરવાર કરે કે કહેવાતુ કોઈ લેણું ફરીયાદી મેળવવા હકકદાર નથી તો ત્યારબાદ ફરીયાદી એ આવુ લેણુ હતુ કે કેમ તે પુરવાર કરવાનુ રહે છે. તે સિવાય કલમ–૧૧૮ એ મુજબ વિરુધ્ધનુ સાબિત ન થાય ત્યાં સુધી એવુ માની લેવાનુ રહે છે કે, ચેક અવેજ માટે આપવામાં આવેલ અને તેમાં જયારે પણ સહી કરવામાં આવેલ ત્યારે તે પુરતા અવેજ સાથે સ્વીકારવામાં આવેલ. હાલના કિસ્સામાં પણ આરોપી ધ્વારા તેવો કોઈ પુરાવો રજુ કરેલ નથી. જેનાથી વાદગ્રસ્ત ચેક તેઓ એ ફરીયાદીને કોઈ અવેજ વગર આપેલ હોય, અથવા તો ફરીયાદીએ કોઈ અન્ય રીતે વાદગ્રસ્ત ચેક મેળવીને તેનો દુરપયોગ કરેલ હોય, જેથી વાદગ્રસ્ત ચેક જે તે સમયે કાયદેસરના લેણા માટે આપેલ હોવાનુ પુરવાર થાય છે.

(૧૨) વધુ એક ચુકાદો નામદાર સુપ્રિમકોર્ટ ધ્વારા આપવામાં આવેલ જે વંચાણે લેવામાં આવે તો, નામદાર સુપ્રિમ કોર્ટ ધ્વારા Rangappa vs Sri Mohan on 7 May, 2010 11 C.C. NO. 7016 OF 2015 Special Negotiable Court Criminal Appeal No. 1020 OF 2010 માં નીચે મુજબ ઠરાવેલ છે.

22. Because both section 138 and 139 require that the Court `shall presume' the liability of the drawer of the cheques for the amounts for which the cheques are drawn, ..., it is obligatory on the Court to raise this presumption in every case where the factual basis for the raising of the presumption has been established. It introduces an exception to the general rule as to the burden of proof in criminal cases and shifts the onus on to the accused (...). Such a presumption is a presumption of law, as distinguished from a

presumption of fact which describes provisions by which the court may presume a certain state of affairs. Presumptions are rules of evidence and do not conflict with the presumption of innocence, because by the latter all that is meant is that the prosecution is obliged to prove the case against the accused beyond reasonable doubt. The obligation on the prosecution may be discharged with the help of presumptions of law or fact unless the accused adduces evidence showing the reasonable probability of the non-existence of the presumed fact.

નામદાર સુપ્રિમ કોર્ટ ધ્વારા T.P. Murugan(Dead) Through Lrs vs Bojan on 31 July, 2018 માં નીચે મુજબ ઠરાવેલ છે.

PARA-9. Whelming evidence to establish that the two cheques were issued towards the discharge of an existing liability and legally enforceable debt. The respondent having admitted that the cheques and Pronote were signed by him, the presumption under S.139 would operate.The respondent failed to rebut the presumption by adducing any cogent or credible evidence. Hence, his defence is rejected.

ઉપરોકત બંને ચુકાદાને વંચાણે લેવામાં આવે તો નામદાર સુપ્રિમ કોર્ટ ધ્વારા કલમ–૧૩૮ તથા ૧૩૯ અંગેની ચર્ચા કરેલ છે અને ઠરાવેલ છે કે, નેગોશીએબલ ઈન્સ્ટ્રુમેન્ટ એકટ મુજબ જયારે આરોપી ધ્વારા ફરીયાદીને ચેક આપવામાં આવેલ અને તે ચેક બેંકમાં જમા કરાવ્યેથી જો તે રીટર્ન થાય તો, તે અંગેની જાણ થયેથી ફરીયાદી ધ્વારા આરોપીને નોટીસ આપવાની રહે છે. તે નોટીસ મળેથી જો આરોપી નોટીસ નો અમલ ન કરે તો, ફરીયાદી તે અંગેની ફરીયાદ નેગોશીએબલ ઈન્સ્ટ્રુમેન્ટ એકટની કલમ–૧૩૮ મુજબ દાખલ કરી શકે છે અને કલમ–૧૩૯ મુજબ વિરુધ્ધનું અનુમાન સાબિત કરવાની જવાબદારી આરોપી ની રહે છે અને ફરીયાદી ધ્વારા રજુ રાખવામાં આવેલ પુરાવા તથા જરુર પડયેથી આરોપી પોતાના પુરાવા રજુ રાખી ને જો એવુ પુરવાર કરે કે, ચેકમાં દર્શાવેલ રકમ મુજબનુ ફરીયાદીનુ કાયદેસરનુ લેણુ ન હતુ અથવા તો ફરીયાદી ચેકમાં દર્શાવેલ રકમ કાયદેસર રીતે, મેળવવા હકકદાર નથી તો ત્યારબાદ તે પુરવાર કરવાની જવાબદારી ફરીયાદી પર શીફટ થાય છે. હાલ ના કેસમાં આરોપી ધ્વારા એવો કોઈ

પુરાવો આપેલ નથી કે, ફરીયાદીનુ કાયદેસરનુ કોઈ લેણુ નથી. ફરીયાદી ધ્વારા આરોપીએ આપેલ ચેક બેંકમાં જમા કરાવતા પરત થયેલ હોવાનુ તથા તે ચેક પરત થવાનુ કારણ ''ફંડસ ઈનસફીશ્યન્ટ'' તથા આરોપી ને નોટીસ આપેલ હોવાનુ પુરવાર કરેલ છે.તેવા સંજોગોમા ફરીયાદી ધ્વારા આરોપી વિરૂધ્ધ નેગોશીએબલ ઈન્સ્ટ્રુમેન્ટ એકટની કલમ ૧૩૮ મુજબનો ગુનો પુરવાર કરેલ હોવાનું ફલિત થાય છે.

(૧૩) જયારે એક વખત આરોપીને પોતાની સામે કેસ ચાલે છે તેની જાણ છે ત્યારે આરોપીની અદાલત સમક્ષ હાજર થવાની ફરજ છે. તેમની સામેના પુરાવાનો ખુલાસો કરવા પુરતી તક આપેલ હોવા છતાં આરોપી હાજર રહેલ ન હોય, તેવા સંજોગોમાં આરોપી કેસની કાર્યવાહી થી છટકવા અથવા જાણી જોઈને પોતે પોતાની સામેના કેસની કાર્યવાહીથી બચવા છુપાતો ફરતો હોય ત્યારે આરોપીની ગેરહાજરી પણ કેસ ચાલી શકે છે તેમ જ બીએનએસએસ ૨૦૨૩ ની કલમ ૩૯૨ માં કરવામા આવેલ જોગવાઈ મુજબ અદાલત આરોપીની ગેરહાજરીમાં ચુકાદો જાહેર કરી શકે છે. Be You Ever So High, But The Law Is Above You', કાયદાથી પર કોઈ નથી. આરોપીને બચાવની તક આપવી જોઈએ અને આ જોગવાઈ તેને રક્ષણાત્મક જોગવાઈ તરીકે આપવામાં આવેલ છે. પરંતુ આરોપી ખાસ કરીને નેગોશિએબલ ઈન્સ્ટ્રુમેન્ટ એકટની કલમ– ૧૩૮ મુજબના ગુનામા તેનો હથીયાર તરીકે ઉપયોગ કરી કાયદાકીય પ્રક્રિયાને નિષ્ક્રીય અથવા તો શિથીલ બનાવવાનો પ્રયત્ન કરે છે. નામદાર ગુજરાત હાઈકોર્ટ ધ્વારા Sharad Jethalal Salva vs State of Gujarat Cr. Mic. App.19862 of 2015 Dt. 14/11/2016 માં નીચે મુજબ ઠરાવેલ છે.

Para 16 : " if a person accused of an offence and convicted as such avoids arrest and avoids imprisonment as sentenced by the criminal court. Such an incident only makes the justice delivery system insignificant and renders justice ineffective. Legal justice requires that an offender convicted of a crime must suffer the imprisonment as otherwise there would be social anarchy. People would contravene the law with impunity without any attending punishment for violating the law. The very foundations of

democracy and rule of law would be shaken and that is the reason why the Courts strive to treat all persons before the criminal law as equal. Whether one is rich or poor, whether one is in powerful or powerless, the criminal law is equally applied to all equally.

Para 17 : " Be you ever so high, but the law is above you', is the signature theme of rule of law that loudly and silently (as well) echoes in the Indian Constitutional context. The purpose of the Constitution itself is to equalize the men (and women) before the law. Equal protection of laws and equality before the law does not make any distinction between the Ruler and the ruled when it comes to enforcing the criminal sanctions. If a convict with money power as well as political power can avoid the punishment imposed by the highest Court of the State, the Court which imposed such punishment cannot be a mute spectator or dumb listener to be soothed by high caliber forensic oratory of the counsel at the altar of justice. The Court must and ought to take a serious view of such bizarre incidence: be it one in million. Of course, the law makers and law enforcers must willingly assist the Court in angling the convict avoiding and dodging the law makers, the law enforcers and the law interpreters (Judges andCourts).

ઉપરોકત ચુકાદાને વંચાણે લેવામાં આવે તો નામદાર ગુજરાત હાઈકોર્ટ ધ્વારા ઠરાવેલ છે કે આરોપીને પોતાની સામે કેસ ચાલે છે તેની જાણ છે ત્યારે આરોપીની અદાલત સમક્ષ હાજર થવાની ફરજ છે. તેમની સામેના પુરાવાનો ખુલાસો કરવા પુરતી તક આપેલ હોવા છતાં આરોપી હાજર રહેલ ન હોય, તેવા સંજોગોમાં આરોપી કેસની કાર્યવાહી થી છટકવા અથવા જાણી જોઈને પોતે પોતાની સામેના કેસની કાર્યવાહીથી બચવા છુપાતો ફરતો હોય ત્યારે આરોપીની ગેરહાજરી પણ કેસ ચાલી શકે છે.

(૧૪) નામદાર ગુજરાત વડીઅદાલત ધ્વારા Special Criminal Application no. 4194/2014, Mukeshbhai Ishwarbhai Prajapati Vs. State of Gujarat ના ચુકાદામાં નીચે મુજબ ઠરાવેલ છે. Yet again in a recent pronouncement of the Supreme Court of India of Indian banks Association and Others and union

of India and others (2014) 5 SCC 590, the Supreme Court reiterated the position of law explaining that under section 145 of the Act, the complainant can give his evidence by way of an affidavit and such affidavit shall be read in evidence in any inquiry trial and other proceeding in the Court, which makes it clear that complainant is not required to examine himself twice i.e. one after filing the complaint and one after summoning of the accused. The court further explained that the affidavit and the documents filed by the complainant along with the complaint for summon in stage and the post summoning stage. In other words, there is no necessity to recall and re-examine the complainant after summoning the accused, unless the Magistrate passes a specific order as to why the complainant is to be recalled. such an order is to be passes on an application made by the accused or under section 145(2) of the Act suo-motu by th court.

(૧૫) ઉપરોકત ચર્ચાઓ તથા ચુકાદાઓને વંચાણે લેતાં ફરીયાદી ધ્વારા કાયદેસરનુ લેણુ હોવાનુ પુરવાર કરેલ હોય અને તે લેણા પેટે આરોપી ધ્વારા વાદગ્રસ્ત ચેક આપવામાં આવેલ હોય તેમજ સદર ચેક ખોવાઈ ગયેલ હોય તેવી કોઈ રજુઆત આરોપી તરફે કરવામાં આવેલ ન હોય, તેવા સંજોગોમાં આરોપી ધ્વારા પોતાનો કોઈ બચાવ રજુ કરેલ ન હોય, ફરીયાદીના હાલના કેસમાં કોઈ શંકા ઉપસ્થિત થતી હોય તેવુ જણાવેલ નથી. તેવા સંજોગોમાં ફરીયાદી તેઓની ફરીયાદ આરોપી સામે નિ:શંકપણે સાબિત કરવામાં સફળ ગયેલ હોય મુદા નં. ૧ તથા ૨ નો જવાબ હકારમાં આપુ છુ.

(૧૬) સબબ''એકટ''ની કલમ–૧૩૮ અન્વયેનો ગુનો એ સમરી/સમન્સ ટ્રાએબલ ગુનો છે. બીએનએસએસ ની કલમ–૨૭૮ ની જોગવાઈ ધ્યાને લેતાં જયારે મેજીસ્ટ્રેટ આરોપીને કોઈ સમન્સ કેસમાં તકસીરવાર ઠરાવે ત્યારે સજાનો હુકમ કરતા અગાઉ આરોપીને સાંભળવાની તક આપવી અનિવાર્ય નથી. પરંતુ હાલના કેસમાં આરોપીની સજાની માત્રા અંગે યોગ્ય રજુઆત કરવા માટેની બંને પક્ષકારોને યોગ્ય તક મળે તે હેતુથી બંને પક્ષકારોને સજા અંગે સાંભળવા માટે રાખવામાં આવેલ પંરતુ આજરોજ આરોપી હાજર રહેલ નથી. ફરીયાદીના

વિ.વ.શ્રી ભોઈ ની રજુઆત છે કે, આરોપી જાણી જોઈને હાજર રહેલ નથી તથા પોતાનો કોઈ બચાવ રજુ કરેલ ન હોય અને ફરીયાદીના હાથ ઉછીના આપેલ નાણા પચાવી પાડેલા છે અને ફરીયાદીને આર્થિક નુકશાન પંહોચાડેલ હોઈ અને વ્યવહારમાં ચેક મહત્વનુ ઈનસ્ટ્રુમેન્ટ હોઈ લોકોનો વિશ્વાસ જળવાઈ તે માટે આરોપીને કાયદામાં ઠરાવેલ મહતમ સજા કરવા તથા ચેકની બમણી રકમનો દંડ કરવા અને તેમાંથી ફરીયાદી ને ચેકની રકમનુ વળતર ચુકવવા યોગ્ય હુકમ કરવા અરજ કરેલ છે. હવે સજાના મુદદે નિર્ણય કરતા અગાઉ નામદાર સર્વોચ્ચ અદાલત સમક્ષનો મોદીરામ નો કેસ કે જે એ.આઈ.આર.૧૯૭૨ સુપ્રિમ કોર્ટ ૨૪૧૮ ઉપર પ્રકાશીત થયેલ છે તેમાં ઠરાવેલ સિઘ્ધાંતો ઘ્યાને લેતા નામદાર સર્વોચ્ચ અદાલતે ઠરાવેલ છે કે, સજા અંગે નિર્ણય કરતી વખતે આરોપીનો ગુન્હા પાછળનો ઈરાદો સંજોગો કે જેમાં આરોપીએ ગુનો કરેલ છે તથા આરોપીની ઉંમર અને ચારિત્ર અને તેના જીવનનો તબકકો ઘ્યાને લેવો જોઈએ. આમ આરોપીના સામાજીક સ્થિતિ તથા કૌટુંબીક જવાબદારીઓની બાબત આરોપીને કેસની સજા કરતી વખતે ઘ્યાને લેવી આવશ્યક રહે છે. આ ઉપરાંત નામદાર સર્વોચ્ચ અદાલતના **સુગાન્થી સુરેશ કુમાર વીરૂઘ્ધ જગદીશન ૨૦૦૨ (૧) ક્રાઈમસ (એસસી) ૨૬૫** નો ચુકાદો ઘ્યાને લેતા સદર ચુકાદામાં નામદાર સર્વોચ્ચ અદાલતે પેરા–૧૨ માં નીચે પ્રમાણે અવલોકન કરેલ છે.

"12. The total amount covered by the cheques involved in the present two case was Rs. 4,50,000/-. There is no case for the respondent that the said amount had been paid either during the pendency of the cases before the trial Court or revision before the High Court or this Court.If the amounts had been paid to the complainant there perhaps would have been justification for imposing a flee-bite sentence as had been chosen by the trial court. But in a case where the amount covered by the cheque remained unpaid it should be the look out of the trial Magistrates that the sentence for the offence under Section 138 should be of such a nature as to give proper effect to the object of the legislation.No drawer of the cheque can be allowed to take dishonour of the cheque issued by him light heartedly. The very object of enactment of provisions like 138 of the Act

would stand defeated if the sentence is of the nature passed by the trial Magistrate. It is a different matter if the accused paid the amount at least during the pendency of the case".

આમ, આ ચુકાદા પ્રમાણે જયારે ચેકની રકમ વણ ચુકવાયેલી રહે ત્યારે અદાલતે ખુબ હળવી સજા કરવાનો અભીગમ ન રાખવો જોઈએ તેવુ ઠરાવેલ છે. હાથ ઉપરના કેસમાં ચેકની રકમ ફરીયાદીને કેસની ન્યાયીક કાર્યવાહી દરમ્યાન ચુકવવામાં આવેલ નથી તે નિર્વિવાદ હકીકત છે. નામદાર સર્વોચ્ચ અદાલતના **આર. મોહન વિરૂધ્ધ એ.કે. વિજયકુમાર ૨૦૧૨ (૩) ક્રાઈમ્સ (એસ.સી) ૮૦** ના ચુકાદામાં ઠરાવેલ સિધ્ધાંતો ધ્યાને લેતાં સદર ચુકાદાના પેરા– ૧૮ માં નામદાર સર્વોચ્ચ અદાલતે ઠરાવેલ છે કે,

The idea behind directing the accused to pay compensation to the complainant is to give him immediate relief so as to alleviate his grievance. In terms of Sec. 357(3) compensation is awarded for the loss or injury suffered by the person due to the act of the accused for which he is sentenced. If merely an order, directing compensation, is passed, it would be totally ineffective. It could be an order without any deterrence or apprehension of immediate adverse consequences in case of its non-observance. The whole purpose of giving relief to the complainant under Sec. 357(3) of the Code would be frustrated if he is driven to take recourse to Sec. 421 of the Code. Order under Sec. 357(3) must have potentiality to secure its observance. Deterrence can only be infused into the order by providing for a default sentence. If Sec. 421 of the Code puts compensation ordered to be paid by the Court on par with fine so far as mode of recovery is concerned, then there is no reason why the Court cannot impose a sentence in default of payment of compensation as it can be done in case of default in payment of fine under Sec. 64 of the I.P.C. It is obvious that in view of this, in Vijayan, [AIR 2009 SC (Supp) 1435], this Court stated that the above mentioned provisions enabled the Court to impose a sentence in default of payment of compensation and rejected the submission that the

recourse can only be had to Sec. 421 of the Code for enforcing the order of compensation. Pertinently, it was made clear that observations made by this Court in Hari Singh, [AIR 1988 SC 2127], are as important today as they were when they were made. The conclusion, therefore, is that the order to pay compensation may be enforced by awarding sentence in default".

આમ, આ ચુકાદામાં ઠરાવેલ છે કે, મેજીસ્ટ્રેટે વળતર ચુકવવાનો હુકમ કરતી વખતે વળતર ન ચુકવવા બદલ સજાનો પણ હુકમ કરી શકે છે આથી ઉપરોકત હકીકતો તથા ચુકાદાઓમાં પ્રસ્થાપિત થયેલ સિધ્ધાંતો ઘ્યાને લઈ ન્યાયના હિતમાં મુદ્દા નં.૩ અન્વયે નીચે મુજબનો આખરી હુકમ કરુ છું.

**-:: આખરી હુકમ ::-**

૧. નરેશકુમાર સોમેશ્વરભાઈ ઉપાધ્યાય રહે.બ્રાહ્મણવાડા, મુ.તા.સંતરામપુર, નાઓને ભારતિય નાગરીક સુરક્ષા સંહિતા ૨૦૨૩ ની કલમ- ૨૭૮ (૨) અન્વયે ધી નેગોશીએબલ ઈન્સ્ટ્રુમેન્ટ એકટની કલમ - ૧૩૮ ના શિક્ષાપાત્ર ગુના સબબ તકસીરવાન ઠરાવી એક વર્ષની સાદી કેદની સજા કરવાનો હુકમ કરવામાં આવે છે.

૨. ભારતિય નાગરીક સુરક્ષા સંહિતા ૨૦૨૩ ની કલમ-૩૯૫ (૩) અન્વયે આરોપીએ ફરીયાદીને વળતર તરીકે ચેક ની રકમ રૂા.૧,૨૫,૦૦૦/- (અંકે રૂપીયા એક લાખ પચ્ચીસ હજાર પુરા) આ હુકમથી એક માસમાં ચુકવી આપવા તેવો હુકમ કરવામાં આવે છે. જો આરોપી સદર વળતરની રકમ ચુકવવામાં કસુર કરે તો તેઓ એ વધુ ૩(ત્રણ) માસની સાદી કેદની સજા ભોગવવી તેવો હુકમ કરવામાં આવે છે.

૩. હુકમની એક નકલ આરોપીને વિના મુલ્યે આપવી.

૪. આરોપી સજાના હુકમ સમયે આ અદાલત સમક્ષ હાજર ન હોય, ભારતિય નાગરીક સુરક્ષા સંહિતા ૨૦૨૩ ની કલમ ૪૫૮(૨) ની જોગવાઈ ઘ્યાને લેતા આરોપી વિરુધ્ધનુ સજા વોરંટ ઈસ્યુ કરવાનો હુકમ કરવામાં

આવે છે અને તે બજવણી માટે સ્થાનિક પોલીસ સ્ટેશનના ઉચ્ચ અધિકારી ને બજવણી અર્થે મોકલી આપવાનો હુકમ કરવામાં આવે છે.

હુકમ આજ તા. ૨૯ માહે  જુલાઈ સને ૨૦૨૬ ના રોજ ખુલ્લી અદાલતમાં જાહેર કર્યો

તા.  ૨૯/૦૭/૨૦૨૬ (જાવેદહુસેન મોહંમદભાઈ મેમણ)
સંતરામપુર એડી.ચીફ જ્યુડી.મેજી.સંતરામપુર
જજ કોડ જીજે ૦૧૦૭૭